**ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી**
સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ૩૬૨૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩
વેબસાઈટ: http://www.bknmu.edu.in ઈમેઈલ: info@bknmu.edu.in

ટોચઅગ્રતા

પરિપત્ર

વિષય: મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ અંતર્ગત ખાસ ઝુંબેશના દિવસે બી.એલ.ઓ. ને તેમના મતદાન મથક ખાતે હાજર રહેવા બાબત..

સંદર્ભ : મદદનિશ મતદાર નોંધણી અધિકારી ૮૬-જુનાગઢ (શહેર) ના પત્રક્રમાંક ચટણ/મતય/ખાસ ઝૂબેશ દિવસ/બી.એલ.ઓ./હાજરી/૧૧/૨૧ તા.૨૫/૧૧/૨૦૨૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનુ કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી-જુનાગઢ સંલગ્ન જુનાગઢ શહેર તેમજ તાલુકાની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનુ કે મદદનિશ મતદાર નોંધણી અધિકારી ૮૬-જુનાગઢ (શહેર) ના પત્ર અનુસાર જુનાગઢ શહેર તેમજ તાલુકા હસ્તકની કોલેજો ખાતે ફરજ બજાવતા શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓએ ૮૬-જુનાગઢ વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ વિવિધ મતદાન મથકો ખાતે તા.૨૭-૧૧-૨૦૨૧ તથા તા.૨૮-૧૧-૨૦૨૧ના રોજ મતદાર યાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૨ને લગત કામગીરી કરવાની હોય, તા.૨૭-૧૧-૨૦૨૧ને શનિવારના રોજ શૈક્ષણિક કાર્ય ચાલુ હોય આપના કોલેજો ખાતે ફરજ બજાવતા જે કર્મચારીઓ બી.એલ.ઓ તરીકે નિમણૂંક પામેલ હોય તે તમામ કર્મચારીઓ તા.૨૭-૧૧-૨૦૨૧ તથા તા.૨૮-૧૧-૨૦૨૧ના રોજ બી.એલ.ઓ. તરીકે તેમને જે મતદાન મથક ખાતે નિમણૂંક આપવામાં આવેલ છે તે મતદાન મથક ખાતે હાજર રહી બી.એલ.ઓ. તરીકેની કામગીરી કરે તે સુનિશ્ચિત કરવા આચાર્યશ્રીઓને તેમની કક્ષાએથી જણાવવા અનુરોધ કરવામાં આવે છે

કા.કુલસચિવ

બિડાણ :
સંદર્ભપત્રની નકલ

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/ ૧૬૩૧/૨૦૨૧
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ
તા. ૨૫-૧૧-૨૦૨૧

પ્રતિ,
ભકત કવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન જુનાગઢ શહેર તેમજ તાલુકાની કોલેજો તરફ..
નકલ સાદર રવાના :
માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી..

"No Voter to be left behind"
# મદદનિશ મતદાર નોંધણી અધિકારી
૮૬ - જુનાગઢ વિધાનસભા મતવિસ્તાર
અને મામલતદાર કચેરી, જુનાગઢ શહેર
તાલુકા સેવા સદન, સરદારબાગ સામે, જુનાગઢ. ફોન નં. ૦૨૮૫-૨૬૩૬૦૧૧
E-mail : aerojndcity@gmail.com

નં.ચટણ/મતય/ખાસ ઝુંબેશ દિવસ/બી.એલ.ઓ./હાજરી/૧૧/૨૧ — તા.૨૫/૧૧/૨૦૨૧

પ્રતિ,
૧) રજીસ્ટ્રારશ્રી, ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ
૩) જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીશ્રી, જુનાગઢ.

*વિષય :– <u>મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૨ અંતર્ગત ખાસ ઝુંબેશના દિવસે બી.એલ.ઓ. ને તેમના મતદાન મથક ખાતે હાજર રહેવા બાબત.</u>*

સવિનય,

ઉપરોકત વિષય પરત્વે આપ સાહેબને જણાવવાનું કે, મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૨ અંતર્ગત આગામી તા.૨૭/૧૧/૨૦૨૧ તથા તા.૨૮/૧૧/૨૦૨૧ ના રોજ ખાસ ઝુંબેશ યોજાનાર હોય આ બંન્ને દિવસો દરમ્યાન જે તે મતદાન મથક ખાતે બી.એલ.ઓ. તરીકે નિમણુંક પામેલ કર્મચારીઓએ પોતાના મતદાન મથકે હાજર રહી મતદારયાદી સુધારણાને લગત વિવિધ પ્રકારના ફોર્મસ મેળવવાની કામગીરી કરવાની થાય છે.

આપના હસ્તકની કોલેજો તથા માધ્યમીક/પ્રાથમીક શાળા ખાતે ફરજ બજાવતા શૈક્ષણીક તથા બીનશૈક્ષણીક કર્મચારીઓ પૈકીના ઘણા કર્મચારીઓ ૮૬–જુનાગઢ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ જુનાગઢ શહેર તાલુકાના વિવિધ મતદાન મથકો ખાતે બી.એલ.ઓ. તરીકે નિમણુંક પામેલ છે તે તમામ કર્મચારીઓ એ તા.૨૭/૧૧/૨૦૨૧ તથા તા.૨૮/૧૧/૨૦૨૧ ના રોજ બી.એલ.ઓ. તરીકે નિમણુંક પામેલા પોતાના મતદાન મથક ખાતે હાજર રહી મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ–૨૦૨૨ ને લગત કામગીરી કરવાની થાય છે. તા.૨૭/૧૧/૨૦૨૧ ને શનિવાર ના રોજ શાળા/કોલેજો ખાતે શૈક્ષણીક કાર્ય ચાલુ હોય આપના હસ્તકની શાળાઓ તથા કોલેજો ના જે કોઈ કર્મચારીઓ બી.એલ.ઓ. તરીકે નિમણુંક પામેલ હોય તે તમામ કર્મચારીઓ તા.૨૭/૧૧/૨૦૨૧ તથા તા.૨૮/૧૧/૨૦૨૧ ના રોજ તેમની શાળા કે કોલેજ ખાતે હાજર ન રહેતા બી.એલ.ઓ. તરીકે તેમને જે મતદાન મથક ખાતે નિમણુંક આપવામાં આવેલ છે તે મતદાન મથક ખાતે હાજર રહી બી.એલ.ઓ. તરીકેની કામગીરી કરે તે સુનિશ્ચિત કરવા આપના હસ્તકની તમામ શાળા/કોલેજ ના આચાર્યશ્રીઓને સુચના અપાઈ જવા વિનંતી છે.

સરદહુ કામગીરી રાષ્ટ્રીય કામગીરી હોય ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

(સી.જી.વાડદોરીયા)
મદદનીશ મતદાર નોંધણી અધિકારી
૮૬–જુનાગઢ વિ.મ.વિસ્તાર અને
મામલતદાર, જુનાગઢ(શહેર)

<u>*નકલ સવિનય રવાના :–*</u>
૧) શ્રી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર સાહેબ, જુનાગઢ.
૨) શ્રી મતદાર નોંધણી અધિકારી ૮૬–જુનાગઢ વિ.મ.વિસ્તાર અને પ્રાંત અધિકારી સાહેબ, જુનાગઢ.